"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૦૯/૧૧/૨૦૧૬

તંત્રી શ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

## લેઉવા પટેલ સમાજના માંગુકિયા પરિવારે બ્રેનડેડ લલ્લુભાઈ વેલજીભાઈ માંગુકિયાના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : લલ્લુભાઈ વેલજીભાઈ માંગુકિયા ઉ. વ. ૬૫ બ્લડ ગ્રુપ: B –VE

નિવૃત જીવન

રહેવાસી : ઘર નં. ૬, પરસોત્તમ નગર, રોયલ પ્લાઝાની સામે, વેડરોડ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: નવાસરોડ , તા: પાલીતાણા, જી: ભાવનગર.

કૌટુંબિક વિગત : પત્ની: કંચનબેન લલ્લુભાઈ માંગુકિયા ઉ. વ. ૬૨

પુત્ર: ૧. સંજય લલ્લુભાઈ માંગુકિયા ઉ. વ. ૩૮

વરાછામાં ડાયમંડ ફેકટરીમાં ડાયમંડ માર્કર તરીકે ફરજ બજાવે છે.

પુત્રી: ૧. હિના લલ્લુભાઈ માંગુકિયા ઉ. વ. ૩૪

૨. શિલ્પા બીપીનભાઈ પટેલ ઉ. વ. ૩૨

૨....

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

રવિવાર તા: ૬ નવેમ્બર, ૨૦૧૬ ના રોજ લલ્લુભાઈ વરાછાથી રાત્રે ૮:૦૦ કલાકે તેમનાં ઘરે પરત આવી રહયા હતા ત્યારે કતારગામ મહેતા પેટ્રોલ પંપની સામે બાઈક સ્લીપ થઇ જતાં તેઓ બાઈક ઉપરથી નીચે પડી ગયા હતાં અને તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક વેડરોડ ઉપર આવેલ પ્રાણનાથ હોસ્પીટલમાં રાત્રે ૯:૩૦ કલાકે ફીજીશ્યન ડૉ. ડેનીશ કાનપુરવાળાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં. ત્યાં નિદાન માટે MRI કરાવતાં મગજમાં હેમરેજને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. તેથી વધુ સારવાર માટે સોમવાર ૭ નવેમ્બર,૨૦૧૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં.

મંગળવાર તા: ૦૮ ઓકટોબર, ૨૦૧૬ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે અને ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલે લલ્લુભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી લલ્લુભાઈ માંગુકિયાના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી લલ્લુભાઈના ધર્મપત્ની કંચનબેન, પુત્ર સંજય, ભાઈઓ મનજીભાઈ અને કાળુભાઈ, ભત્રીજા હરેશભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે અમારૂં સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે તો તેમનાં અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

3 ....


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની સુરતની રહેવાસી ધૃતિ રાસધારી ઉ. વ. ૨૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર હાલોલના રહેવાસી ઈશ્વરભાઈ છગનભાઈ પટેલ ઉ.વ. ૫૭માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં લલ્લુભાઈના ધર્મપત્ની કંચનબેન, પુત્ર સંજય, ભાઈઓ મનજીભાઈ અને કાળુભાઈ, ભત્રીજા હરેશભાઈ અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીજીશ્યન ડો. અનિરુધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડો. પ્રશાંત પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૭૫ કિડની, ૬૩ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૨ ચક્ષુઓનો દાન મેળવીને ૪૦૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.